# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૮ તા.૧૮-૦૮-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, મ્યુનિ.સ્કુલબોર્ડની શાળાઓ પૈકી SOEમાં સમાવિષ્ટ શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને આગામી તા.૨૩-૦૮-૨૦૨૨ થી શાળાઓનો ઓનલાઇન રિવ્યુ કરવામાં આવનાર છે. જેમાં શાળાઓએ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ ફોર્મેટમાં પોતાની શાળાનું પ્રેઝન્ટેશન તૈયાર કરીને રજૂ કરવાનું રહેશે. તદઉપરાંત તા.૨૨-૦૭-૨૦૨૨ અને તા.૨૦-૦૮-૨૦૨૨ના FLN ડેટા ધોરણવાર પરિપત્ર નં.૩૦-A ની ફ્રેમમાં સૂચવેલા ફોર્મેટમાં રજૂ કરવાના રહેશે.

FLN બાબતે તમામ ધોરણમાં થયેલ કામગીરીના આધારો પ્રેઝન્ટેશન સમયે હાથવગા રાખવાના રહેશે. જે ધોરણની વિગત રજૂ કરવાનું જણાવવામાં આવે તે ધોરણની વિગત પ્રેઝન્ટેશનમાં રજૂ કરવાની રહેશે.

Learning out comes માં વિદ્યાર્થી દિઠ પ્રગતિ અંગેના ધોરણવાર (પત્રક-અ) SAT, PATમાં દર્શાવેલ અ.નિ.ના ઉપચારાત્મક શિક્ષણ કાર્યનું આયોજન અને કરેલ કામગીરીના આધારો રજૂ કરવાના રહેશે.

શાળાકીય સંચાલન સાથે સંકળાયેલા રેકર્ડ SMC, SDP, શાળા સલામતી, શાળા લાઈબ્રેરી વગેરે) બાબતો પણ તૈયાર રાખવાની રહેશે અને પ્રેઝન્ટેશન સમયે રજૂ કરવાની રહેશે.

ઓનલાઈન પ્રેઝન્ટેશન સમયે સંબંધિત સી.આર.સી.કો.ઓ.શ્રી તથા યુ.આર.સી.કો.ઓ.શ્રીએ ઓનલાઈન હાજર રહીને તેમના દ્વારા કરવામાં આવેલી સંબંધિત શાળાની મુલાકાતની વિગતો જણાવવાની રહેશે.

તા.૧૮-૦૮-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૮-A તા.૧૮-૦૮-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા બાબત.

સંદર્ભ :- ક્રમાંકઃ રાપબો/પ્રા-મા.શિ.પ./૨૦૨૨/૬૭૧૬-૬૮૦૨ તા.૧૭-૦૮-૨૦૨૨નું જાહેરનામું

આથી તમામ મ્યુનિ. શાળાઓનાં મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી ધો.૬ માટેની પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા માટેના આવેદન પત્રો ઓનલાઈન ભરવાનો સમયગાળો તા.૨૨-૦૮-૨૦૨૨ થી તા.૬-૦૯-૨૦૨૨ સુધીનો છે અને ઓનલાઈન ફી ભરવાનો સમયગાળો તા.૨૨-૦૮-૨૦૨૨ થી તા.૭-૦૯-૨૦૨૨ સુધીનો છે.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તા અભિવૃદ્ધિ અને વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષામાં વધુમાં વધુ ભાગ લેતા થાય તે માટે પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં ધો.૬માં અભ્યાસ કરતા કુલ વિદ્યાર્થીઓ પૈકી ઓછામાં ઓછા ૨૦% વિદ્યાર્થીઓના આવેદનપત્રો ધો.૬ ધરાવતી તમામ શાળાઓએ ઓનલાઈન કરવાના રહેશે. ઓનલાઈન આવેદન પત્રો ભરેલા વિદ્યાર્થીઓને ધો.૧ થી ૫ ના અભ્યાસક્રમનું શાળાના અનુકુળ સમયે માર્ગદર્શન આપી તૈયાર કરવાના રહેશે. અગાઉના વર્ષોમાં લેવાયેલ પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષાના પ્રશ્નપત્રો www.sebexam.org પર ઉપલબ્ધ છે. જે ડાઉનલોડ કરી વિદ્યાર્થીઓને તેનો મહાવરો કરાવવાનો રહેશે.

નોંધ :- ઓનલાઈન આવેદન પત્ર તથા ફી ભરવા માટેની વેબસાઈટ : www.sebexam.org

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૮-૦૮-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# <u>રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર</u>

**"પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૨"**

**"Primary-Secondary Scholarship Exam-2022"**

<u>જાહેરનામું</u>::ક્રમાંક:રાપબો/પ્રા-મા.શિ.પ-૨૦૨૨/૬૭૧૬-૬૮૦૨ તા:૧૭/૦૮/૨૦૨૨

શિક્ષણ અને મજુર વિભાગ, ગાંધીનગરના તા.૦૯/૧૧/૧૯૮૪ના ઠરાવ ક્રમાંક: એસ.સી.એચ. ૧૦૮૯/ ૪૦૪૯ અન્વયે તા:૧૬/૦૭/૨૦૨૨ના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર ખાતે મળેલ પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા સમિતિની બેઠકમાં નક્કી થયા મુજબ પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૨ (શહેરી/ગ્રામ્ય/ટ્રાયબલ)વિસ્તાર માટે લાભાર્થી વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટે પરીક્ષા આગામી સમયમાં યોજવામાં આવશે. આ પરીક્ષા માટેના આવેદનપત્રો <u>www.sebexam.org</u> વેબસાઇટ પર <u>તા:૨૨/૦૮/૨૦૨૨ થી તા.૦૬/૦૯/૨૦૨૨</u> દરમિયાન ઓનલાઇન ભરવાના રહેશે.

❖ પરીક્ષાનો કાર્યક્રમ :

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | ૧૭/૦૮/૨૦૨૨ |
| ૨ | પરીક્ષાના આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | તા.૨૨/૦૮/૨૦૨૨થીતા.૦૬/૦૯/૨૦૨૨ |
| ૩ | પરીક્ષા માટેની ફી ઓનલાઈન ભરવાનો સમયગાળો | તા.૨૨/૦૮/૨૦૨૨થી તા.૦૭/૦૯/૨૦૨૨ |
| ૪ | પરીક્ષા તારીખ | સંભવિત ઓકટોબર માસ |

## ❖ <u>ઉમેદવારની લાયકાત :</u>

➢ **<u>પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા:</u>**

જે વિદ્યાર્થી ચાલુ શૈક્ષણિક વર્ષમાં <u>ધોરણ- ૬</u> માં સરકારી પ્રાથમિક શાળાઓ,લોકલ બોડી શાળાઓમાં (જિલ્લા પંચાયત/મહાનગરપાલિકા/નગરપાલિકાની શાળા) ગ્રાન્ટેડ પ્રાથમિક તથા નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા આપી શકશે.

ધોરણ-પમાં ઓછામાં ઓછા ૫૦% ગુણ કે સમકક્ષ ગ્રેડ મેળવેલ હોવો જોઇએ.

➢ **<u>માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા:</u>**

જે વિદ્યાર્થી ચાલુ શૈક્ષણિક વર્ષમાં <u>ધોરણ-૯</u> માં સરકારી માધ્યમિક શાળાઓ, લોકલ બોડી શાળાઓમાં, ગ્રાન્ટેડ માધ્યમિક તથા નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા આપી શકશે.

ધોરણ- ૮ માં ઓછામાં ઓછા ૫૦% ગુણ કે સમકક્ષ ગ્રેડ મેળવેલ હોવો જોઇએ.

**<u>નોંધ- જો કોઈ ઉમેદવારે ખોટી વિગત દ્વારા ફોર્મ ભરેલ હશે તો તેને ગેરલાયક ઠેરવવામાં આવશે અને નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.</u>**

❖ **અભ્યાસક્રમ:**

➢ **પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા**

પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે અભ્યાસક્રમ ધોરણ-૧ થી ૫ સુધીનો રહેશે.

➢ **માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા**

માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે અભ્યાસક્રમ ધોરણ-૬ થી ૮ સુધીનો રહેશે.

❖ **માધ્યમ:**

- પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના પ્રશ્ન પેપરોનું માધ્યમ માત્ર ગુજરાતી રહેશે.

❖ **પ્રશ્નપત્રનો ઢાંચો અને ગુણ: પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા**

| કસોટી નો પ્રકાર | પ્રશ્નો | ગુણ | સમય |
|---|---|---|---|
| (૧) ભાષા-સામાન્યજ્ઞાન | ૧૦૦ | ૧૦૦ | ૯૦ મિનીટ |
| (૨) ગણિત-વિજ્ઞાન | ૧૦૦ | ૧૦૦ | ૯૦ મિનીટ |

**નોંધ::અંધ ઉમેદવારોને પરીક્ષામાં નિયમ અનુસાર વધારાનો સમય મળવાપાત્ર થશે.**

❖ **પરીક્ષા ફી:**

| ક્રમ | પરીક્ષાનુંનામ | પરીક્ષાફી | માર્કશીટ/પ્રમાણપત્રફી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા | રૂ! ૨૫/- | રૂ! ૧૫/- | રૂ! ૪૦/- |
| ૨ | માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા | રૂ! ૩૫/- | રૂ! ૧૫/- | રૂ! ૫૦/- |

❖ **આવક મર્યાદા:**

પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે આવક મર્યાદાને ધ્યાને લેવામાં આવતી નથી.

❖ **ઓનલાઇન અરજી કરવાની રીત:-**

આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર **તા.૨૨/૦૮/૨૦૨૨(બપોરના ૧૫.૦૦) થી તા.૦૬/૦૯/૨૦૨૨ (રાત્રિના ૨૩.૫૯ કલાક સુધી)** દરમ્યાન www.sebexam.orgપર અરજીપત્રક ભરી શકાશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજીપત્રક Confirm કર્યા બાદ ફી ભર્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ www.sebexam.org પર જવું.
- 'Apply online'ઉપરClick કરવું.
- "પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા (ધોરણ-૬) અથવા "માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા (ધોરણ-૯)"સામે Apply Now પર Click કરવું.
- **Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ માગવામાં આવેલ તમામ માહિતી ભરવાની રહેશે.**

- <u>વિદ્યાર્થીની વિગતો **U-DISE Number** ના આધારે ભરવાની રહેશે.</u>
- <u>શાળાની વિગતો માટે શાળાના **DISENumber** ના આધારે ભરવાની રહેશે.</u>
- <u>"પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા (ધોરણ-૬)માટે ધોરણ-૫નું પરિણામ અને "માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા (ધોરણ-૯)"માટે ધોરણ-૮ના પરિણામના આધારે પરિણામની વિગતો ભરવાની રહેશે.</u>
- અહી બાંહેધરી પત્રક વાંચી ટીક કરવાનું રહેશે.
- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload photo-Signature પર Click કરો.અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો.ત્યારબાદ Submit પર Click કરો. અહીં Photo -Signature અને માર્કશીટ <u>("પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા (ધોરણ-૬)માટે ધોરણ-૫ની માર્કશીટ અને "માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા (ધોરણ-૯)" માટે ધોરણ-૮ની માર્કશીટ)</u> upload કરવાની છે.
- Photo, Signature અને માર્કશીટ upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format મા15 KBમાં અને Marksheet JPG/pdf format મા 50 KBની સાઇઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ. Browse Button પર Click કરો. હવે choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં JPG formatમાં તમારો Photo, Signature અને Marksheet store થયેલ છે. તે ફાઇલને Select કરો અને Open Buttonને Click કરો. હવે Browse Buttonની બાજુમાં upload Button પર Click કરો.Photo, Signature અને Marksheet ત્રણેય સાથે upload કરવાના રહેશે .હવે બાજુમાં તમારોPhoto ,Signature અને Marksheet દેખાશે.
- Confirm Application પર Click કરો.અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો ત્યારબાદ Submit પર Click કરો.
- જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm પર Click કરવું. Confirm પર Click કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં Online સ્વીકાર થશે તથા તે બાદ જ માન્ય ગણાશે.
- હવે Print Application /Fee Challan પર Click કરવું. અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો.
- અરજી પત્રકની પ્રિન્ટ કાઢી લેવી.(પ્રિન્ટની જરૂરિયાત હોય અને વ્યવસ્થા હોય તો પ્રિન્ટ કાઢવી અન્યથા સ્ક્રીનનો ફોટો લઈ લેવો.)

## ❖ <u>ફી ભરવાની રીત:</u>

- ત્યારબાદ ઓનલાઇન પેમેન્ટ કરવા માટે print applicationની print કાઢતા પહેલા online payment કરવાનું રહેશે. એક સાથે મલ્ટી પેમેન્ટ કરી શકાશે. ઓનલાઇન પેમેન્ટગેટ-વે દ્વારાCREDIT CARD/ATM CARD/NET BANKING થી પરીક્ષા ફી ભરી શકાશે.
- ઓનલાઈન ફી જમા કરાવવા માટે"PRINT APPLICATION" પર Click કરવું.અને વિગતો ભરવી. ત્યારબાદ ONLINE PAYMENT ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં NET BANKINGE અથવા Other Payment Mode ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઈ ગઈ છે. તેવુ SCREEN પર લખાયેલું આવશે. અને e-receipt મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઈ ખામી હશે.તો SCREEN પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.
- ઓનલાઈન ફી ભરનારે જો તેના બેંક ખાતામાંથી ફી ની રકમ કપાયા બાદ ૨૪કલાકમાં e-receipt જનરેટ ન થઈ હોય તો તાત્કાલિક રાજય પરીક્ષા બોર્ડને ઈ-મેઈલ થી સંપર્ક કરવાનો રહેશે.

- **શાળાએ કરવાની કાર્યવાહી:**
  - **વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઇન ભરાય તે જોવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.**

- **આવેદનપત્રો જમા કરાવવા બાબત:**
  - હવેથી પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા આવેદનપત્રોની હાર્ડકોપી રાજય પરીક્ષા બોર્ડ ખાતે જમા કરાવવાના રહેશે નહિ. જેથી ઓનલાઈન ફોર્મ ભરતી વખતે સંપૂર્ણ તકેદારી રાખવી.

- **પરીક્ષાના સંચાલન માટેની સૂચનાઓ ::**
  - પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા(ધોરણ-૬) અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા (ધોરણ-૯) બંન્ને પરીક્ષાઓના સંચાલનની તમામ કામગીરી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ દ્વારા કરવાની રહેશે.

- **માર્ગદર્શક સૂચનાઓ:**
  - જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓએ/શાસનાધિકારીશ્રીઓએ પોતાના તાબા હેઠળની તમામ શાળાઓમાં આ જાહેરનામાંની નકલ તા:૨૨/૦૮/૨૦૨૨ સુધીમાં ફરજીયાતપણે પોંહચાડવાની રહેશે.
  - કોઇપણ શાળામાંથી જાહેરનામું ન મળ્યાની કે વિલંબથી મળ્યાની ફરીયાદ આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીની કચેરીની રહેશે.
  - વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઇન ભરી આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.
  - પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા જિલ્લાના દરેક તાલુકા મથકે યોજાતી હોઈ વિદ્યાર્થીની સંખ્યા ધ્યાને રાખી પરીક્ષા કેન્દ્ર ફાળવવાના રહેશે.
  - હવેથી પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના આવેદનપત્રોની હાર્ડકોપી જમા કરાવવાની પધ્ધતિ બંધ કરેલ છે. ફકત જે ઉમેદવાર મેરીટમાં આવે તેના આવેદનપત્રોની ચકાસણી પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરી દ્વારા અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી કક્ષાએથી કરવાની રહેશે.

❖ **અગત્યની સૂચનાઓ ::**

- ➢ અરજીપત્રક ભરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર આપવામાં આવેલ ફોન નંબર પર સંપર્ક કરવો.
- ➢ જિલ્લા કક્ષાએથી પ્રકાશિત થતાં શૈક્ષણિક મેગેઝિન/વર્તમાનપત્રોમાં પણ જાહેરનામું પ્રસિદ્ધ કરી વધુમાં વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ભાગ લે તેવા પ્રયત્નો કરવાના રહેશે.
- ➢ વિદ્યાર્થીના હિતને ધ્યાને લઇ, જિલ્લાની દરેક શાળામાંથી ઓછામાં ઓછા ૫(પાંચ) વિધાર્થીઓના આવેદનપત્ર ભરાય તેવા પ્રયત્નો કરવાના રહેશે.
- ➢ જો ફોર્મ ભરતી વખતે કોઈપણ  વિદ્યાર્થી નામ, અટક, જન્મ તારીખ,જાતિ કે અન્ય કોઇ ભૂલ હોય અથવા આધાર ડાયસ નંબર નાખતા  વિદ્યાર્થીનું નામ ના દેખાય તો વિદ્યાર્થી હાલ જે શાળામાં અભ્યાસ કરતો હોય તે શાળાના આચાર્યશ્રીનો સંપર્ક કરી વિદ્યાર્થીના આધાર ડાયસ નંબરની વિગતમાં આચાર્યશ્રી દ્વારા સુધારો કરવાનો રહેશે. સુધારો થયાના ૨૪ કલાક બાદ આવેદનપત્ર ભરી શકાશે.
- ➢ આવેદન પત્ર ભરવાના છેલ્લા દિવસમાં આધાર ડાયસની કોઈપણ ભૂલ વિગતમાં કરાયેલ સુધારો ધ્યાને લેવામાં આવશે નહીં આથી ફોર્મ ભરનારે આવેદન પત્રની સમયમર્યાદા ધ્યાને લઈ અધાર ડાયસમાં સુધારો કરવાનો રહેશે. સુધારા કરવાની જવાબદારી જે તે શાળાના આચાર્યની રહેશે.
- ➢ નામ, અટક,જન્મ તારીખ, જાતિ કે અન્ય કોઇ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરી આપવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.

**સ્થળ: ગાંધીનગર** — **અધ્યક્ષ**

**તારીખ:૧૭/૦૮/૨૦૨૨** — **રાજય  પરીક્ષા બોર્ડ**

**ગાંધીનગર**

❖ **નકલ સવિનયરવાના જાણસારૂ.**

- ➢ માન.શિક્ષણમંત્રીશ્રી(કેબિનેટ કક્ષા)ના અંગત મદદનીશશ્રી શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય,સ્વર્ણિમ સકુંલ, ગાંધીનગર.
- ➢ માન.શિક્ષણમંત્રીશ્રી(રાજય કક્ષા)ના અંગત મદદનીશશ્રી, શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય,સ્વર્ણિમ સકુંલ, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી(પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ),શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ નિયામકશ્રી શાળાઓની કચેરી, બ્લોક નં:-૯, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- ➢ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરીની કચેરી, ગાંધીનગર
- ➢ નાયબનિયામકશ્રી,પ્રાથમિક નિયામકની કચેરી, બ્લોક નં:-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- ➢ નાયબ નિયામકશ્રી,ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી, બ્લોક નં:-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ➢ હિસાબી શાખા,રાજય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર

❖ **નકલ રવાના અમલાર્થે**

- ➢ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ (આપના તાબા હેઠળની જિલ્લાના તમામ માધ્યમિક શાળાઓને જાણ કરવા સારૂ).
- ➢ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ) જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ  તેમજ તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ.
- ➢ શાસનાધિકારીશ્રી, તમામ(આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ.)
- ➢ જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- ➢ મેનેઝરશ્રી,બીલ ડેસ્ક,અમદાવાદ.